રાજયના અગરીયાઓને મીઠાના ઉત્પાદન માટે સોલારપંપ સિસ્ટમ ફાળવવા અંગેની યોજના.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: નમક-૧૦૨૦૧૪-૫૨૬૫૧૫-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૪/૧૦/૨૦૧૭.

વંચાણે લીધા-

(૧) ઉદ્યોગ કમિશ્નરશ્રીની તા.૨૨/૮/૨૦૧૭ની દરખાસ્ત.

આમુખઃ-

વિશ્વમાં મીઠાના ઉત્પાદનમાં ચીન અને અમેરીકા પછી ભારત ત્રીજું સ્થાન ધરાવે છે. સમગ્ર દેશમાં મીઠાના ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે. સમગ્ર દેશના કુલ ઉત્પાદન પૈકી ૭૭ ટકા મીઠાનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ગુજરાતમાં મુખ્યત્વે સુરેન્દ્રનગર, કચ્છ તેમજ મોરબી જીલ્લાના માળીયા-મીયાણા અને હળવદ તાલુકાઓમાં મીઠાનું ઉત્પાદન થાય છે. અગરીયાઓ બ્રાઇનથી મીઠું બનાવવા માટે પરંપરાગત સ્વદેશી કુશળતા ધરાવતા મીઠું ઉત્પાદક સમુદાય છે. સરકાર અગરીયાઓને મીઠા ઉત્પાદન માટે જમીન લીઝથી આપે છે. મીઠું ખાસ કરીને દરીયાઇ પાણીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.

ભૂગર્ભમાંથી બ્રાઇન બહાર કાઢવા માટે (જયાં પાણીનું સ્તર ૩૦ મીટર સુધી છે ત્યાં) તથા દરિયા-કિનારે દરિયાના પાણીનો ઉપયોગ કરી મીઠાનું ઉત્પાદન કરવા જયાં ક્રીક દ્વારા પાણી ખેંચવામાં આવે છે ત્યાં અગરીયાઓ હાલમાં ડીઝલ પંપના ઉપયોગ કરે છે. પરંતુ, અદ્યતન ટેકનોલોજી દ્વારા સોલરપંપની મદદથી સૌર ઉર્જાના ઉપયોગથી પણ પાણી ખેંચી શકાય છે. આ રીતે સોલ્ટ વર્કસને સંપૂર્ણ રીતે સૌર ઉર્જા આધારીત બનાવી શકાય છે. આમ, સોલારપંપ સિસ્ટમ યોજના અમલમાં લાવી મીઠાના ઉત્પાદન માટે ડીઝલ પંપની કે થર્મલ પાવરની ઉર્જાને તિલાંજલી આપી પુનઃ પ્રાપ્ય અને પ્રદૂષણ-મુકત સૌર ઉર્જાને ઉપયોગમાં લાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે રાજયના ૧૦ એકર સુધીની જમીન ધરાવતા અગરીયાઓને સોલારપંપ સિસ્ટમ માટેની સહાય યોજના અમલમાં લાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

યોજનાઃ-

મીઠું પકવતા મુખ્ય જીલ્લાઓ/તાલુકાઓના અગરીયા લાભાર્થીઓનો આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવશે. પ્રસ્તુત યોજનામાં લાભાર્થી અગરીયાએ સૌ પ્રથમ પોતાની જરૂરીયાત અનુસાર જે તે સોલારપંપ સીસ્ટમ ખરીદવાની રહેશે અને ત્યારબાદ સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલ સોલારપંપના મોડલ અનુસારની કિંમતના આધારે જે તે સહાયની સંબંધિત અગરીયાને રીએમ્બર્સમેન્ટ સ્વરૂપે ચૂકવણી કરવામાં આવશે.

નાણાકીય સહાયની વિગતઃ-

પ્રસ્તુત યોજનામાં લાભાર્થી અગરીયાને ૮૦ ટકા જેટલી સહાય તેમજ ૨૦ ટકા લાભાર્થીનો ફાળો તે ધોરણે અમલ કરવાનો રહેશે, રાજય સરકાર દ્વારા ૮૦ ટકા જેટલી સહાય તેમજ લાભાર્થી દ્વારા ૨૦ ટકા જેટલો ફાળો એમ સહાયનું માળખુ રહેશે.

યોજનાનું અમલીકરણઃ-

રાજયમાં આવેલા અને શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ઓળખપત્ર મળેલ હોય તેવા ૧૦ એકર સુધીની જમીનમાં મીઠાનું ઉત્પાદન કરતાં અગરીયા તેમજ મીઠા ઉત્પાદિત સહકારી મંડળીના સભ્યોને પ્રસ્તુત યોજનામાં લાભાર્થીઓ તરીકે સમાવવાના રહેશે. અગરીયાઓએ સોલારપંપ સીસ્ટમ ખરીદ કર્યા બાદ ૬ માસની અંદર જીલ્લા ઉદ્યોગકેન્દ્રમાં અરજી કરવાની રહેશે અને લાભાર્થી દ્વારા બેંક/નાણાકીય સંસ્થામાંથી લોન લીધી હોય તો તેની લોન મેળવ્યા અંગેના તેમજ અન્ય આનુશાંગિક પુરાવા રજુ કરવાનારહેશે જેના આધારે અરજી મળ્યા બાદ અગરીયા પાસે જરૂરી તમામ વિગતો મળ્યેથી જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર જરૂરી ચકાસણી કરી લાભાર્થીને રોકડ સહાય (કેપીટલ સબસીડી) મંજુર કરશે જે સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે.

શરતોઃ-

(૧) અગરીયાએ મીઠાની સીઝનમાં મીઠાનું ઉત્પાદન કરતો હોવો જોઇએ.

(૨) અગરીયા પાસે શ્રમયોગી કલ્યાણ બોર્ડનું ઓળખપત્ર હોવું જોઇએ.

(૩) અગરીયાએ નવા સોલાર-પંપ સિસ્ટમની કિંમતના ૨૦ ટકા રકમ ભોગવવાની રહેશે.

(૪) સોલાર-પંપ સિસ્ટમ સ્થાપિત થયા બાદ તેના દ્વારા ઉત્પાદન શરૂ કર્યેથી સહાયની ચૂકવણી કરવામાં આવશે.

(૫) અગરીયાએ(એકમે) ઉત્પાદન શરૂ કર્યેથી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ઉદ્યોગ આધાર નોંધણી મેળવવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ લાભ લેનાર લાભાર્થીએ વાર્ષિક મીઠાના ઉત્પાદન અને વેચાણની વિગતો સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને રજુ કરવાની રહેશે.

(૭) યોજના અંતર્ગત લાભ મેળવનાર અગરીયા/એકમે વસાવેલ સોલાર-પંપ સિસ્ટમ ઓછામાં ઓછા ૫ સીઝન માટે ચાલુ રાખવાનો રહેશે.

(૮) યોજના અંતર્ગત વસાવેલ સોલાર-પંપ સિસ્ટમ સહાય મળ્યેથી પાંચ વર્ષના સમયગાળાના અન્યને વેચાણ કે અન્ય રીતે આપી શકાશે નહિ.

(૯) આ યોજના હેઠળ સહાય મેળવનાર લાભાર્થી રાજ્ય સરકારની અન્ય કોઇ સમાન પ્રકારની પ્રોત્સાહન યોજના હેઠળ લાભ મેળવી શકશે નહીં.

**યોજનાનો સમયગાળોઃ-**

આ યોજના ઠરાવની તારીખથી અમલમાં આવશે અને આગામી પાંચ વર્ષ માટે અમલમાં રહેશે.

પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંકઃ ૪૯ (આયોજન)
૨૮૫૧-ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગ, પેટા સદર (૧૦૨) (૧૫)
ઓ.આઇ.એન.-૭, મીઠા ઉદ્યોગનો વિકાસ,
પ્લાન સ્કીમ નં. ૫૧૩૬૦૮ કોડ નં. ૨૮૫૧ ૦૦ ૧૦૨ ૧૫

આ હુકમો આ વિભાગની સરખાં ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૩/૧૦/૨૦૧૭ થી મળેલ અનુમતિ અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ બિહોલા)
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

૧. નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. માનનીય મંત્રીશ્રી(ખાણ-ખનિજ કુ.ઉ., મી.ઉ., સરકારી મુદ્રણ અને લે.સા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૪. તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

૫. તમામ માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

૬. તમામ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

૭. અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૮. ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર.

૯. કમિશ્નરશ્રી એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગભવન, ગાંધીનગર.

૧૦. માઇક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટર પ્રાઇઝના વિકાસ માટે સલાહકાર બોર્ડના સર્વે સભ્યશ્રીઓ(ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી મારફત)સચિવાલયના સર્વે વિભાગો.

૧૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

૧૨. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

૧૩. નાણાંકીય સલાહકારશ્રી(ઉદ્યોગ અને ખાણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી(૧) ઓડિટ, ગુજરાત રાજ્ય,અમદાવાદ.

૧૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી(૧) ઓડિટ, ગુજરાત રાજ્ય,રાજકોટ.

૧૬. હિસાબ અને તિજોરી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.

૧૭. આઇટી શાખાકોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૮. સિલેક્ટ ફાઇલ.